BY MAIL

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯/૧૪૭૭૬-૯૨

કમિશનર શાળાઓની કચેરી,

૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગુ.રા., ગાંધીનગર

તા.૦૧/૦૬/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

તમામ

વિષય : બુધ્ધ પૂર્ણિમા દિને "ગુજરાત આભડછેટ-મુક્ત" થાય તે માટે નાની દેવતી મુકામે દલિત શક્તિ કેન્દ્રમાં મળેલ અધિવેશનના ઠરાવ બાબત

સંદર્ભ : ક્રમાંક/પરચ-૧૨૨૦૧૮/૩૭૧/વ.ર, શિક્ષણ વિભાગ, તા.૩૦/૦૫/૨૦૧૯

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે આ સાથે ઉક્ત સંદર્ભ દર્શીત પત્રની નકલ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩/૦૫/૨૦૧૯ ના પત્રની નકલ બીડાણ સહિત મોકલી આપતા જણાવવાનું કે, બુધ્ધ પૂર્ણિમા દિને "ગુજરાત આભડછેટ-મુક્ત" થાય તે માટે ઠરાવમાં આપેલ શિક્ષણ વિભાગને સંબંધિત મુદ્દા નં.(ડ) અન્વયે નિયમોનસરની યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

ક્રમાંક/૧૯૭૬૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

જોરાવર પેલેસ,

બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

તારીખ ૦૪-૦૬-૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ સારું

જીલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, સ્વનિર્ભર, માધ્યમિક ઉ.મા.

શાળાઓ તમામ.

બુદ્ધ પૂર્ણિમા દિને 'ગુજરાત આભડછેટ-મુક્ત' થાય તે માટે નાની દેવતી મુકામે દલિત શક્તિ કેન્દ્રમાં મળેલ અધિવેશનનો ઠરાવ.

તારીખ ૧૮ મે, ૨૦૧૯ના રોજ, બુદ્ધપૂર્ણિમાના દિવસે ગુજરાતના સાણંદ તાલુકાના નાનીદેવતી મુકામે 'ગુજરાત આભડછેટ-મુક્ત' થાય તે માટે અધિવેશન મળ્યુ હતું. 'તમામ માનવ સરખા છે અને પૂર્વજન્મ, પુનર્જન્મ અને કર્મના ફળની માન્યતાઓ અધાર્મિક છે' તે સમજાવનાર ગૌતમ બુદ્ધના જન્મ-પરિનિર્વાણ' દિવસે આજના અધિવેશને ઠરાવ્યું હતું કે:

આભડછેટનું પાલન ગુનો છે.
આભડછેટનું પાલન પાપ છે.
આભડછેટનું પાલન રાષ્ટ્રવિરોધી કૃત્ય છે.

૧. ભારતની આઝાદીના ૭૪મા પર્વની ઉજવણી વેળાએ ૧૫મી ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ, રાષ્ટ્રધ્વજના આદર સાથે ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતનાં ગામડે-ગામડે રાષ્ટ્રધ્વજ ફરકાવનાર તમામ નાગરિકો ગુજરાતને આભડછેટ-મુક્ત જાહેર કરશે.

૨. નાતજાતના અને ધર્મના વાડા તૂટેઅને ભારત એક મજબૂત રાષ્ટ્ર બને તે માટે દરેક ગામે સામુહિક ભોજન ગોઠવવાની આગેવાની જો ગુજરાત સરકાર ગ્રામ પંચાયતને નહીં સોંપે તો દલિત યુવતી-યુવકો તે જવાબદારી ઉપાડી લેશે.

૩. તારીખ ૨૨ મે, ૨૦૧૯ના રોજ કડી તાલુકાના લ્હોર ગામે 'આભડછેટનું બેસણું' રાખવામાં આવ્યું છે, તે દિવસે ગુજરાતના ૧૮૨ ધારાસભ્યો, ૨૬ સંસદસભ્યો, ૪ રાજ્યસભાના સભ્યો, ગુજરાતની તમામ જિલ્લા-તાલુકા-ગ્રામ પંચાયતના સભ્યો, તમામ શૈક્ષણિક સંસ્થાઓના વડા-શિક્ષકો, તમામ સરકારી કર્મચારીઓ, તમામ સરકારી-બિનસરકારી-જાહેર સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના તમામ આગેવાનો, ધાર્મિક સંસ્થા-ધર્મસ્થાનોના વડા-કર્મચારીઓ 'હું આભડછેટના પાલનને ગુનો-પાપ-રાષ્ટ્રવિરોધી કૃત્ય માનું છું' તેવું જાહેર કરવાનું રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરવામાં આવશે. તારીખ ૨૨ મે, ૨૦૧૯ના રોજ લ્હોર મુકામે બપોરે ૩ વાગે આ અભિયાન ખુલ્લું મુકાય તે પહેલાં આ જાહેરાત ગુજરાતના મુખ્યમંત્રી અને રાજ્યપાલ પોતાનાથી શરૂ કરે તેવી બંધારણીય અપેક્ષા. દરેક નાગરિક પોતાની વ્યક્તિગત જાહેરાત પોતાના ફેસબૂક-ટ્વિટર-ઈમેઈલ સ્ટેટસમાં મૂકે અને આ અભિયાનને રાજ્ય-વ્યાપી બનાવે તેવી અપેક્ષા-આગ્રહ.

૪. સરકાર દ્વારા રેલવે-મેટ્રો-બસ-વિમાનની ટિકિટ, ખેડૂત-પોથી, આધાર-ઈલેક્શન-પાસપોર્ટ-પાન કાર્ડ-રેશન કાર્ડ તથા તમામ સરકારી ઠરાવો પર 'આભડછેટનું પાલન' ગુનો-પાપ-

Scanned with CamScanner

રાષ્ટ્રવિરોધી કૃત્ય છે' તેવું છાપવાનો હુકમ કરે. તમામ ખાનગી ઉદ્યોગો પણ પોતાનાં માલ પર આવી જાહેરાત કરે તેવી અપેક્ષા.

૫. પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચ શિક્ષણમાં આભડછેટ-નાબુદીને વાસ્તવિકતા બનાવવા પાઠ ઉમેરવામાં આવે.

૬. શાળામાં મધ્યાહ્ન ભોજનમાં વિદ્યાર્થીને નંબર પ્રમાણે એક જ હરોળમાં બેસાડવાનું સરકાર ફરજિયાત જાહેર કરે. જે શાળામાં પાણીનાં અલગ માટલાં-પ્યાલા કે કોઈપણ પ્રકારની આભડછેટ જણાય તો મુખ્ય-શિક્ષક સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે. (A)

૭. ગ્રામ પંચાયતમાં-ગામનાં જાહેર સ્થળો-ધર્મસ્થાનો તથા સ્મશાનભૂમિમાં આભડછેટનું પાલન જણાયતો સરપંચ અને તે વિસ્તારના ધારાસભ્ય સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવે.

૮. ૨૬મી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રધ્વજની સાથે ભારતના બંધારણને મૂકી તેનું પણ સન્માન કરવામાં આવે.

૯. પંચાયતથી માંડી સંસદ સુધી તમામ ચુંટાયેલા સભ્યોને આભડછેટ નાબુદીને લગતી કાનૂની જોગવાઈઓ-સરકારી ઠરાવો વિષે ફરજિયાત ભણાવવામાં આવે. દરેક રાજકીય પક્ષ પોતાના સભ્યો માટે આ તાલીમની વ્યવસ્થા કરે.

૧૦. ભેદભાવના મૂળમાં સામાજિક-આર્થિક અસમાનતા છે. માટે સરકારી નોકરીમાં અનામતની તમામ ખાલી જગ્યાઓ ભરવા, અંદાજપત્રમાં અનુસૂચિત જાતિ-જનજાતિ માટે તેમની વસ્તીનાં ધોરણે નાણાં ફાળવાય તથા વપરાય અને સરકારી જમીનો પરનાં દબાણો હટાવી અનુસૂચિત જાતિ-જનજાતિ-ઓબીસી વર્ગનાં ભૂમિહીન કુટુંબોને ફાળવવા સરકારને આહ્વાન કરવામાં આવે છે.

ગુજરાત આભડછેટ-મુક્ત બને તે માટે ૨૨મી મે, ૨૦૧૯ના રોજલ્હોરમુકામે 'આભડછેટના બેસણા'ના કાર્યક્રમ બાદ આ ઠરાવ આવેદન સ્વરૂપે તમામ જિલ્લાના કલેક્ટર-મામલતદાર-પ્રાંત અધિકારી તથા તમામ ગામના તલાટીઓને આપવામાં આવશે.

લ્હોર ગામના સંમેલનમાં ગુજરાત આભડછેટમુક્ત બને તે માટે અને આ આંદોલન રાજ્ય-વ્યાપી બને તે માટે આ માગણીના સંદર્ભમાં મિસ્ડ કોલની ઝૂંબેશ શરૂ કરવામાં આવશે.

(જે તમામ માનવોને સરખા માને, બધા જોડે સમાનતાનો વહેવાર કરે અને અસમાનતા સામે સંઘર્ષ કરે તે 'દલિત')

Scanned with CamScanner